
દેવતાઇ દીવો



કીંમત બે આના.

દેવતાઈ દીવો

અથવા

અમર અપ્સરા

પ્રગટ કર્તા
કાગઝી મહમુદમીયાં એન્ડ એમ. બુકસેલર્સ
એન્ડ પબ્લીશર્સ
ઠે૦ ટાવર રોડ, [illegible]ની વાડી સામે—સુરત.

છાપનાર:—ગોવિન્દજી ડાહ્યાભાઈ નાયક.
શ્રી "અનાવિલ બંધુ" પ્રિન્ટીંગ પ્રેસ, બરાનપુરી ભાગળ;
ભાજીવાળી પોળ—સુરત.

કીમ્મત ૦—૨—૦.

તૈયાર છે. —નવી ડીટેક્ટીવ વાર્તા— તૈયાર છે.

અઠંગ ઉઠાવગીર અથવા ચાલાક ચોર.

બ્હાદુરી ભરી ચોરી કરી–પોલીસને ત્રાય ત્રાય પોકરાવનાર અજાયબ ચોર અગાઉથી પત્ર લખી ચેતાવી. હાથચાલાકીથી પોલીસ અને પ્રેક્ષકને દીંગ કરી નાખનાર અદ્‌ભૂત ચોર જેનાં એકેએક પરાક્રમ અજાયબીથી ભરપૂર છે. છેવટે એ બ્હાદુર ડીટેકટીવને હાથે–બહુ હોંશીયારી બતાવતા કેવી રીતે ગીરફતાર થાય છે. તે વાંચો.

એકવાર વાંચવા લીધા પછી ચોપડી પૂરી કર્યા વગર બીજું કામ તમોને નહિજ ગમે એની ખાત્રી રાખશો.

કીમત ફક્ત બાર આના.

એજ ચાલાક ચોરનું બીજું સાહસ.


ડાકટર કે ડાકુ અથવા લોભી લુંટારો.

અજાયબ ભેદભરમથી ભરપૂર એક જાહેર બાગમાં બેભાન હાલતમાં મળતી સ્ત્રીઓથી નવા કેશની શરૂઆત થાય છે. જેમાં એક જાહેર મીજલસમાંથી વિજયગઢની મહારાણીનાં ગળામાંનો કીમતી ચન્દ્રહાર ગુમ થાય છે. જે પાછો મેળવતાં મુશ્કેલી અને હાડમારી ભોગવવી. છેવટ ડીટેકટીવ કેવી રીતે ફતેમંદ થાય છે. તે જરૂર વાંચો. કીં. બાર આના.

મળવાનું ઠેકાણું:—

શા. ચુનીલાલ મગનલાલ બુકસેલર.

ઠે૦ રાણીતળાવ—સુરત.



રાગ ભીમપલાસઃ—   (ડાહ્યા દીવાના)

દુનીયાને ઉંધા ચશ્મા, ડાયા દીવાના લાગે-દુનીઆને

મીરાં હતી દીવાની. નરસીંહ હતો દીવાનો,
તે ભકતી સુધા પીનારા, ડાહ્યા દીવાના લાગે-દુનીઆને

જે પ્રેમના સુપંથી, શુદ્ધ પ્રેમને વીસરીઆ,
પ્રહ્લાદ ને એ મજનું, ડાહ્યા દીવાના લાગે-દુનીઆને

નીજ જન્મ સીદ્ધ હક્કના, પાઠો ભનાવે તીલક,
તે સ્વતંત્રના શુકાની, ડાહ્યા દિવાના લાગે-દુનીઆને

હૈડે વસી ખીલાફત, જુઝયા અલ્લીબીરાદર,
દીનપર ફીટી મરનારા, ડાહ્યા દિવાના લાગે-દુનીઆને

સી. આર. દાસને નેહરૂ એ બેરીસ્ટરની ગુમાવી,
દેશ દાઝે દાઝનારા, ડાહ્યા દિવાના લાગે-દુનીઆને

આદર્શ વીર ગાંધી, જઇ જેલમાં બીરાજે,
તે પણ જગતની આંખે, ડાહ્યા દિવાના લાગે-દુનીઆને

ભમરીઓ કુવોઃ— (ભમરીયો કુવો)

ભારી બેડાં ને હું તો નાજુકડી નાર
કેમ કરી પાણીડાં ભર્યારે ભમરીયા કુવાને કાંઠડે
ગોરી નીચી ને ઉંચા કાંઠડાંરે રાજ
ચડતાં કમર લચકાયરે ભમરીયા કુવાને કાંઠડે
સરકે સાહુડા નીર સીંચતારે રાજ
કોઇની નજર લાગી જાયરે ....ભમરીયા
પાણી પાણી થઈ જતીરે એવાં પાણી ભરવા કાજ
રસીલી ના જતી

સ્રીના સુખને કારણે પુરૂષ થાય કુરબાન
તો પાણી ભરવા મહી શું ઝાઝું નુકસાન
લોકોમાં મશ્કરી થાયરે ....ભમરીયા૦

ઘુંઘટનો ગરબોઃ—

ઝટ જાઓ ચંદન હાર લાવો, ઘુંઘટ નહિ ખોલું હું
મને લાગ્યો એ હારનો નેડલો, તમથી નહિં બોલું હું.
મોંઘી, તારી માગણી, મોંઘા તારા મૂલ.
મોંઘી તારી પ્રીતડી, મે કરતાંજ કીધી છે ભુલરે,
ઘુઘટ ઝટ ખોલોને.
મોહન મેં તો માંગીયો, મોંઘો ચંદન હાર,
લાવો હાર પછી પીયું તમે, લુટો જોબનીયાની બહારરે.

ચેતન યુગઃ— (માતૃભૂમિ)

ઓ માતૃભૂમિ તારા મુક્તિ તણા કિનારા
ક્યાં છે પ્રકાશ ધારા અંશુ ઉદય અમારા—
વર્ષો અનંત વાળી રાત્રિ વીતિ છતાંયે
છે દુર વ્યોમમાંહિ આશાઓના મિનારા—
જો હોય કંઇ મલિનતા જગનાથ દૂર કરજે
અમને છે એક તારા ઓજસ ભર્યા સહારા.—

સમ્રાટ હર્ષ— (વેલાં જીવન)

જોબનીયાં જીવન વેલાંકરે, લોચનીયાં ત્યારે તલસ્યા કરે;
દિલ દરદે ભરે, સૌ દિવાના ફરે—જોબનીયાં
ઘેન આંખે વસેને હસાવ્યા કરે,
નવીન ભાવે એ દિલ, ડોલાવ્યા કરે,—જોબનીયાં
વેપારમાં નફો નથી ને કમાણી આવી કરી;—
બંગાળમાં આવ્યા પછી તો ભાઇઓ ભારે કરી—જોબનીયાં

સમ્રાટ હર્ષઃ— (ઘાયલ જીગર)

પ્રેમી બધાં દિવાના, ઘાયલ જીગર ન ભુલે!
દિલને જગાવનારી, વાંકી ભમર ન ભુલે!
ખંજર તણા જખમ તો, દેતાં મલમ રૂઝાતા;
રૂઝે ન ઘા કલમથી, તીરછી નજર ન ભુલે!
પળ એકના, વિયોગે, લાખો વરસ વીતે છે;
જીવે ઝુરી ઝુરીને, મરતાં અગર ન ભુલે!

ચેતન યુગઃ— (ચેતનના અંબાર)

આજ ઉતર્યાં સ્વર્ગભુવનથી ચેતનના અંબાર
ઉતર્યાં ચેતનના અંબાર
ઝીલ ઝીલ ઓ ભારતવાસી! તજી મોહ અંધાર–ઉતર્યાં.
યુગ યુગની નિદ્રા વિસારી, તુચ્છ જીવનના મોહ નિવારી;
તન ધન જન્મભુમિ પરવારી, માતૃભૂમિનું ઋણ ઉતારી
કર સાર્થક અવતાર—ઉતાર્યાં.
આત્મભોગના મંત્ર પચાવી, સહિષ્ણુતાનો ધર્મ શોભાવી
જગને નૂતન ધર્મ શિખાવી, પુણ્ય ભુમિનું નામ દિપાવી
કર જગમાં જયકાર—ઉતર્યાં.

સમ્રાટ હર્ષઃ— (દિવાનો પ્રેમી)

અમોને ભોગ કે વિલાસની અભિલાષ નથી;
વિષયની વાસનાનો, હૃદયમાં નિવાસ નથી!
સુધા છે સ્નેહ અને, વિષય તો છે વિષ સદા;
મજા છે પ્રેમમાં એ, મોહમાં મિઠાશ નથી?
મળે જ્યાં મીટ ત્યાં, હજાર દર્દ જાય ભુલી;
દિવાના પ્રેમીઓનો અન્ય કાંઇ આશ નથી!

ચેતન યુગ— (એક સવાલ?)

મોહ ભરેલા જીવન અમારાં મોહ ભર્યા સંસાર વિષે
અમને રૂચે નિત્ય અવનવી મોહકતા શણગાર વિષે—
દેહ સ્વદેશી હૃદય સ્વદેશી તે ઉપર શણગાર વિદેશી

એ શણગારે દેશ ડુબ્યો છે દરિદ્રતાના ભાર વિષે —
અમે સુકોમળ કુમારીકાઓ દેશ ભકિતની વાતો વસમી
નાને મોઢે મોટી વાતો નવ શોભે વહેવાર વિષે—
દેશ હિન્દ છે વીરાંગનાનો છો સંતાન તમે સહુ તેનાં
ક્યાં છે હિસ્સો કહો તમારો ભારતના ઉદ્ધાર વિષે—

અજય ધારાઃ— (અંતરની વાત)

આજ સખી અંતરની પુછું એક વાત કહો
મીઠા સંધ્યા કે સખી મીઠડાં પ્રભાત કહો—?
બન્ને લાગે મધુર બન્નેથી દુઃખ દુર
બેમાંથી કોણુ રળીઆત કહો—?
સુખીઆને સાંજ ગમે દુઃખીઆ જન દિવસ ગણે
ઘેલાંને કાંઇ ન ગમે શાણાને સર્વ ગમે
વિરહીને સૌ સમાન દિવસ અગર રાત કહો—?
હમણાં રાત્રી થશે ને પ્રિયતમની પાસ જશું
એવાં ઉત્સાહે નહિ રહે ભાન સાન કશું
સંધ્યા રસરાજ તણી સજની સાક્ષાત કહો—?

અજય ધારાઃ— (ખોટુ અભિમાન) રાગ-ભજન

ચાર દિવસ ચડતી મળી ત્યાં આવ્યું અભિમાન
પાછળ પડતી હોય એ ભુલી ગયો અજ્ઞાન
રે પ્રભુતાના વ્યર્થ ગુમાની
છે પડતી એજ નીચાની મનમાં ધરે ગુમાની

રાજ્ય લોભને કારણુ જગવે કલેશ વૃથા અભિમાની—
એક ભુમીના પુત્ર આપણે વેર તૃષા આ શાની
અરસ પરસના કલેશ મહીં છે બન્નેને નુકશાની
વેર તૃષા જ્યારે ટળે ત્યારે કલેશ ભુલાય
કે જ્યારે ગુર્જર ભુમિ સૌથી શ્રેષ્ઠ ગણાય
તમે શ્રેષ્ઠ કે અમે શ્રેષ્ઠ એ તકરારો મમતાની
ભારતભૂમીએ તકરારોમાં નિર્બળ થઇ જવાની—

વિરની વટઃ— (લાયકાત)

લાયકાતના પાઠ પઢાવો લાયક કેમ થવાય ?
પઢી પઢીને પોપટ થાશું શીખવો તો શીખાય
કહોને લાયક કેમ થવાય ?
ભણુતર ભણુવા નીશાળીઆઓ નીચે બેસી જાય
ગુરૂ વચનને ગોખી રાખે તો જ્ઞાની કહેવાય
કહોને લાયક કેમ થવાય ?
લાયકાતનાં લેખાં લાડી જોને આમ લખાય
અરસપરસની આંખ મળે ત્યાં શિક્ષણુ પુરૂં થાય
એ તો શીખવ્યું ના શીખાય.

વિરની વટઃ— (જગત રંગ)

સાધુ થઇને જે જે શીખ્યા એ સ્વામિ સમજાવો
કેવા કેવા થયા અનુભવ અમને કહી બતાવો ?
બોલો રંગ જગતના કેવા ?

જાહેરમાં જે સભ્ય ગણાયે હોય નામના મોટી
અંદરખાને ઉંધાં ધંધા દયાનત રાખે ખોટી
ગાદી તકીએ બેસી બોલો રામ ફેરવે માળા
હજામ કરી લોકોનાં નાણાં કાઢે છે દેવાળાં
જોયા રંગ જગતના એવા.

અમર આશા:— (જમાનાની બહાર)

જોઈ લ્યો જમાનો આવ્યો આજે બૈરાંની છે બહાર,
મીસ્ટરની કીંમત કોડીની છે મીસીસના પોબાર.
સુધારે માંડયા તોફાન ફેશનમાં સઘળા બેભાન
કરવા કયાં પોબાર,
પફ પાવડરના લેપ લગાવી સન્નારી ચાલ્યાં ફરવા.
ઢાલે લમણે બેઠા ડીયર આજે ઘરને સાચવવા,
શેઠ કરી રહયા છે વેઠ. સર હોએ કે બેરોનેટ,
એજ મોડર્ન એટીકેટ.
વાત કરૂં છું પ્રાયવેટ એકઝેકટ—જોઈ લ્યો જમાનો.

અમર આશા:— (કડુ વચન)

કામીનીના કટુ વચન અમૃતથી મીઠાં માને (એ માને)
રસીક રમણ એ રસની રમતે રમણી રીઝવી જાણે (જે જાણે)
પુર મસ્તીમાં વ્હેતી સરીતા સામે થાતાં તાણે,
હોય સરિતા વિશ્વ સકળની સાગર સાચવી જાણે (સાચવી જાણે)
જાત તમારી રીસાળ એવી પળપળ ઓછું આણે,
ગમતા અમને તે નર જે અમ વચને નાચી જાણે (નાચી જાણે.)

અમર આશાઃ— (ભારતની મૂકિત)

સ્વાતંગ્યતણા આજ ઉગ્યા સૂર્ય સાહેલડી
ભારતની કુંજ કુંજ જાગી રહી.
ઝીલો ઝીલો પ્રકાશ ભરો ઉરમાં ઉલ્લાસ,
આજ રાષ્ટ્ર વીણા રમણીઓ વગાડી રહી–સ્વતંત્રતાની
ત્હોય પુરૂષો કહેતા કે હજુ અબળા તમે,
કષ્ટ સહેવાનાં ધૈર્ય હજી શીખો તમે
કહો પુરૂષોને રાષ્ટ સુર ઝીલ્યા અમે.
હતી અબળા બીચારી બીન શકિત શસ્ત્રધારી,
સકળ રમણીને રાષ્ટ્ર ધુન લાગી રહી–સ્વતંત્રતાની

અમર આશાઃ— (મધુરા સત્કાર)

મધુરા સત્કાર અમે ઉરના આભાર સાથ,
કરશું મ્હેમાન આજ આપના.
સ્નેહથી સ્વીકાર અમે કરતાં આ વાર.
હશે મીઠા ઉપહાર આજ આપના.
સ્વાર્થી સંસાર પંથ મળતા કોઇ વીરલસંત,
સમજાવે જીવન ગ્રંથ ભાવના.
મીઠા જેના પ્રબંધ સમજું ને વીકટ બંધ,
તરસ્યા અનંત સંત જ્ઞાનના.
દીવ્ય જ્ઞાન આપે સ્વર મીઠા આલાપે,
એ મંજુલ સીતાર તાર આપના.

એ કોનો વાંક:— (રાગ–ગઝલ)

કરણી ભલી મજાની કુળવાનની નીશાની
નથી રૂપ કે જુવાની પહેચાન પાત્રતાની
ધન માલ કે પ્રભુતા તેમાં નથી મહત્તા
તુલના મહાનતાની સદગુણથી થવાની
ઉત્તમ તણે કપાળે નથી છાપ ઉચ્ચતાની
ચારીત્ર શુદ્ધ ઉંચુ છે એજ ખાનદાની–કરણી

એ કોનો વાંકઃ—

ચુંબન વિણુ તો સ્નેહ ન જામે જુઓ જગતના ખેલ,
ચુંબનના ચટકે ધોવાયા, સ્નેહી મનના મેલ...તમે
હારે જ્યારે વહતા વાણી, આંખ આંખ હંસીલે કહાણી.
દિલથી દિલદબાવી કહેતું કંઇ કંઇ કીસ્સા કહાણી.
વસમી વાતો એ મુશ્કેલ, સમજવી નથી અન્યને સહેલ.
પશુ પક્ષીઓ જુઓ બીચારા વાણી વીણુ વીચરે દુખીયારા.
સ્નેહ ઉમળકો મોન્ય વતીએ, સમાવે ચુંબન દ્વારા.
નિર્મળ સ્નેહતણી એ વેલ પોશવી ચુંબનથી કરી પહેલ. ચું૦

માતૃભુમી:— (આઝાદીકી તમન્ના)

અપને બતન ખાતીર... મરના મુઝે શીખા દો.
આઝાદીકી તમન્ના.... ધરના મુઝે શીખા દો.
હે હિન્દ દેશ મેરા.... મૈં હિન્દકા હું બેટા,
જાને નિસાર ઉસ પર... કરના મુઝે શીખા દો.

પૈદા હુવા યહાં મૈં.... મરના મુઝે યહાં હૈં,
તબ આજ મૃત્યસે ના...ડરના મુઝે શીખા દો.
જીવન બના હૈ ઝેરી... અબ કયોં કરૂં મૈં દેરી,
કુરબાન જાન મેરી... કરના મુઝે શીખા દો.

ગરીબની હાય !— (પૈસાનું સગપણ)

આંસુ અમારા દીનના લુછનાર આજે કોણુ છે?
ભૂખ્યા જમ્યા એ પ્રશ્ન પૂછનાર અમને કોણુ છે?
તરસે મરી જઇએ અમે પાનાર કો પાણી નથી,
મીઠી જીભે બોલાવનારૂં કહો અમોને કોણુ છે?
થુ....થુ તિરસ્કારે બધા...પણ દાદ કો દેતું નથી,
'રે આવ' સરખો શબ્દ પણ કહેનાર અમને કોણુ છે?
રડનાર પર હસનાર આજે લાખ દુનિયામાં હશે,
રડનારની સાથે રડે પણ એક એવો કોણુ છે?

ગરીબની હાય?— (પૈસાની બલીહારી)

જયાં જયાં જુઓ ત્યાં આજે રે...પૈસાની બોલબાલા.
પૈસે ગુલામી કરતાં....પૈસે સલામો ભરતા,
પૈસેથી લોક ડરતા રે... પૈસાની બોલ બાલા....જયાં
પૈસેથી જ્ઞાની થાતાં...પૈસેથી માન પાતા,
પૈસેથી સહુ પૂજાતા રે....પૈસાની બોલ બાલા....જયાં
પૈસો કરે શ્રીમંતો...પૈસો કરે ધીમંતો,
પૈસાથી કીર્તિવંતો રે....પૈસાની બોલ બાલા....જયાં

પાપે કરાવે પૈસો....પાપો છુપાવે પૈસો,
પરમાત્માય પૈસો રે....પૈસાની બોલ બાલા...જયાં

ગરીબીની હાય !— (અમીરો કેવા જોઇયે ?)

ગરીબી હાથ જે ઝાલે ન મદ મ્હોટાઇમાં મ્હાલે,
પ્રભુને ઓળખી ચાલે અમીરો હો તો એવા હો !
નિયમ પરમેશ્વરના પાળે મળે એમાંજ મન વાળે,
સુખી સાદું જીવન ગાળે ગરીબો હો તો એવા હો !
પ્રભુના નામ પર પ્યારી કરે કુરબાન શ્રી સારી,
છતાંયે હોય સંસારી ફકીરો હો તો એવા હો !
સીતમ સંતોષથી સાંખે મુખે અપશબ્દ ના ભાખે,
ભરોસો રામ પર રાખે ભિખારી હો તો એવા હો !
કરૂણામય સુણી કહાણી ભરે જે આંખમાં પાણી,
સખાવતની કરે લ્હાણી દિલાવર હો તો એવા હો !

રણગર્જના:— (પ્યારની લુંટ)

લુટો તો લૂંટાજો પ્હેલા પ્યારમાં;
બે ઘડી તો થાજો ઘેલાં પ્યારમાં,
જીંદગી જોબન બધાં કુરબાન છે;
જાદુગરી આંખલડીના મારમાં—લુટો.
દિલડાંને હારવામાં છે મજા;
હૈયાં....જ્યાં ભીંજે આ ધારમાં,
કટારી છે નયન ઘાવો, ભમર વાંકી તો ખંજર છે,
બધા ઘાવો સહન કરવાને, સામે પ્રેમી અંતર છે;

-નથી ધનવાન આ પ્રેમી, હૃદય પ્રેમી તો નિર્ધન છે.
-અહીં તલ્વાર પ્રેમીની, અહીં પ્રેમીની ગરદન છે.—જીંદગી.

મરદના ઘાઃ— કોમીક—(આ વિચારવાની વાત છે)

કહો ભાઈ કયાંથી શાન્તિ વળે.
જીવલડો રાત દિવસ બહુ બળે.
કરમનો વાંઢાપો કયમ ટળે....કહો.
જમણે હાથે નીકળું ત્યારે જમના સામી મળે,
ચૌટે જાતાં ચંદન મળતી ચાર આંખડી ઢળે.
આખા ગામમાં સૌ પરણેલાં જોઈને કાળજું બળે....કહો.
એળે જતો અવતાર કહો કોઈ કયાંથી મનડું વળે,
લટકાળી કોઈ લક્ષણવંતી જોઈને ચિતડું ચળે,
પાડોશીને બાર બાયડી અમને એક ન મળે....કહો.

મરદના ઘાઃ (ગંભીર મામલો)

જયાં જીંદગીમાં રસ નહીં, ધંધામહીં કંઇ કસ નહીં.
ભાઇ ભાભી વશ નહીં, બૈરી તરફથી જશ નહીં
મામલો ગંભીર જયાં શું કામનું એ ગામ છે
-નાસી જવું અહીંથી હવે મર્દાઇ એનું નામ છે
મારવાડ જોયાના કોડ મોહનજી મારવાડ જાશું
ઝાઝી માથાફોડ છોડ આ દેવકી પાંજરે પુરાશું,
મારવાડ જાશું ને માતેલાં થાશું બાટીને દાળ ખુબ ખાશું
મારવાડ જાશું તો ભુખ ભેગા થાશું,

અજય ધારાઃ— (રાગ-કવ્વાલી.)

જગતને જીતનારાઓ વિનંતી આ વિસરશો ના
તમારી વિજય કીર્તિને કલંકીત કોઇ કરશો ના
સ્વદેશી કે વિદેશી હો સ્વધર્મી કે વિધર્મી હો
છે ઇશ્વર સર્વને માથે ભુલીએ ગર્વ ધરશો ના—
તમારા દેશનાં ગૌરવ તમોને હોય જો વ્હાલાં
અમારા આ પુનીત સ્મરણોને ખંડીત કોઈ કરશો ના
અમે મરશું છતાં આત્મા અમારો અહીં સદા રહેશે
અમારી આત્મ વેદીને ચરણુ નીચે કચરશો ના

અજાત શત્રુઃ—

અહીંસાના ધ્વજપટ જેણે યુગયુગ ફરકાવ્યા
કરૂણા મંત્રે પ્રેમતંત્રે ભારતગાન ગજાવ્યાં
ધ્વજ યુગયુગ ફરકાવ્યા

બુદ્ધદેવ એ ભારત ગૌરવ. દેશ વિદેશે વધાવ્યા.
પ્રેમસુત્રના કાચાતારે મહા સામ્રાજ્ય જમાવ્યાં
અવતારી જગતારી ગયા, જેણે બંધુભાવ ફેલાવ્યા.

અજાત શત્રુઃ— (રાગ-કવ્વાલી)

જીવનરસ લુંટનારાઓ લુંટો છો કે લુંટાઓ છો
હ્રદય સાગરના તારાઓ ડુબો છો કે ડુબાઓ છો
દીનરાત સુધારસ પીવા તરસ્યા રહોજી કેવા,

છે અધરા લ્હાવા લેવા શીખો છો કે શીખાવો છો,
સાગર સદા તોફાની હરતો નથી સુકાની,
ખેડો સફર મનમાની તરો છો કે તરાવો છો

અજાત શત્રુઃ—

મધુરાં ચુંબનનાં લ્હાણાં.................................
લઇ લ્યો રાજ આજ અંતરમાં ઉકળતી ઉની જવાળા—
વીરલાં ચુંબનનાં લ્હાણાં.................................
દઇ દયો પ્રાણ લ્હાણ, મદ ભરતી રસઝરતી યોવન શાળા
આપ કલંકી તેવી હું યે કલંકી.........................
નાચે કલંકના સીતાર કેરા તારપર સંસાર લુંટે બ્હાર બાચે વ્હાણાં
ચંદ્ર કલંકી વ્હાલી ઇંદ્ર કલંકી,.......................
નાચ્યા કલંકના સાતાર કેરા તારાપર કીરતાર વાર યાર કૈ કૈ શાણા


અજાત શત્રુઃ— (રાગ ગઝલ)

નયન શર છુટતાં ચાલ્યાં ઉભાં ત્યાં માર્ગમાં આવી.
ધવાશો જો પછી દીલબર અમારે શું અમારે શું.
બહુ છોડો નહીં બાણો રખેને શર ખુટી જાશે,
જીવન રજની વીતી જાત સવારે શું સવારે શું,
ઝુલીને પુષ્પ શૈયામાં કરો છો ઘાવ મનમાન્યા,
સજા અમને મઝા તમને તમારે શું તમારે શું.

સમાપ્ત.

તૈયાર છે ! તાકીદે મંગાવો !! વહેલો તે પહેલો !!

રૂપસુંદરી -:અથવા:- પરાધિન ગુજરાત



ધ્વજ પ્રકાશે ઝળળ કુસ
પ્રેમ-શૌર્ય અંકિ
તું ભણવ ભણવ નિજ સં
સહુને-પ્રેમ-ભક્તિની રી
ઉંચી તુજ સુંદર જાત,
જય જય ગરવી ગુજરાત

આજ સુધી કદી ન જાણેલુ અને ન બહાર પડેલું એવું સુંદર સાહિત્ય, પાને પાને રસ ઝરે, દેશ પ્રેમનાં ઝરણા વહે. રાજા અને પ્રજાનો ધર્મ સમજાય, સ્વામિભક્ત સેવકોનું કર્મ સમજાય, આજની સ્ત્રીશક્તિના ઉભરાતા અભિલાંષાના દર્શન થાય. વિષયનાં કુપમા ભાન ભુલેલા રાજાનો પ્રજા અને દેશને માટે હૃદય પલટો દેખાય, સાચાં પ્રેમીનો પ્રેમ પરખાય, રાજ્ય અને દેશને ખાતર આપતાં ભોગની ભાવના સચવાય, સહનશિલતા અને ત્યાગથી અહિંસા ધર્મનો મર્મ સમજાય, જુના ઇતિહાસના નવા પાના સમજાય એ બધુ જાણવું હોય તો જરૂર ખરિદો,. રૂપસુંદરી એ મહામંત્રિ માધવની પત્ની અને એનાં મોહમાં અંધ બની પાટણપતી કરણ વાઘેલાએ ગુજરાતને પરાધિન બનાવવા કેવા વિનાશના મુળ રોપ્યાં-વધુ તો વાંચો ત્યારેજ.

કઈ કંઈ ચિત્રો સાથે છતા કીમત માત્ર **બાર આના.**

મળવાનું ઠેકાણું:— **શા. ચુનિલાલ મગનલાલ બુકશેલર્સ.**
રાણીતળાવ મેઈન રોડ-સુરત.